# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર અખબારી યાદી દ્વારા જણાવે છે કે બોર્ડની આગામી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષા સંદર્ભે હેલ્પલાઇન નંબર ૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦ જાહેર કરેલ છે. ઉક્ત હેલ્પલાઇન નંબર ઉપર તારીખ ૨૭/૦૧/૨૦૨૫થી ૨૫/૦૨/૨૦૨૫ સુધી કુલ ૧૯૨૭ કોલ દ્વારા વિવિધ પ્રશ્નો મળેલ છે. ઉક્ત હેલ્પલાઇન પર મળેલ પ્રશ્નોનું નિરાકરણ કોલ સેન્ટર પર બેઠેલા નિષ્ણાતો દ્વારા કરવામાં આવેલ છે. હેલ્પલાઇન પર મળેલ પ્રશ્નોની વિગતો આ સાથે સામેલ છે.

- ટોલ ફ્રી હેલ્પલાઇન નં- ૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦ છે.
- હેલ્પલાઇનનો સમય રજાના દિવસો સિવાય સવારે ૧૧:૦૦ થી સાંજે ૦૬:૦૦ કલાક સુધીનો રહેશે.

તારીખ : ૨૫/૦૨/૨૦૨૫
સ્થળ : ગાંધીનગર

(ડી.એસ.પટેલ)
સંયુક્ત નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

# ગુજરાત માધ્યમિક અને ઉ.માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

ફેબ્રુઆરી - માર્ચ- 2025 મુખ્ય પરીક્ષામાં હેલ્પલાઈનમાં આવેલ પ્રશ્નો.

| ક્રમ | પ્રશ્નો | ઉપાય |
|---|---|---|
| ૧ | ધોરણ-10,12 મુખ્ય પરીક્ષા માટે પ્રશ્નબેક કયાંથી મેળવી શકાય? પ્રશ્નબેંકનો કેટલો આધાર લઈ શકાય? | • પાઠ્યપુસ્તકનો અભ્યાસ વધુ કરવો યોગ્ય છે.<br>• ઉપરાંત સંદર્ભ પુસ્તકોનો અભ્યાસ કરવો. |
| ૨ | આજની તારીખમાં ધોરણ 12 સામાન્યપ્રવાહની પરીક્ષાનું ફોર્મ ભરી શકાશે? | • યોગ્ય કારણો સાથે બોર્ડની કચેરીમાં રજૂઆત કરવાથી ભરી શકાશે. |
| ૩ | બોર્ડની પરીક્ષા હોઇ સતત માનસિક તણાવ અનુભવાય છે. | • જેટલું આવડે છે તેના ઉપર ધ્યાન આપો અને આત્મવિશ્વાસ કેળવો.<br>• તણાવરહિત થઈને પરીક્ષાની તૈયારી કરો. |
| ૪ | પરીક્ષા શરૂ થવાના સમય સુધીમાં સારા પરિણામ મેળવવા કેવી રીતે તૈયારી કરવી? | • પુનરાવર્તન કરવું.<br>• લખવાની પ્રેક્ટિસ<br>• જે વિષયનું પેપર જે સમયે હોય તે સમય મુજબ પ્રશ્નપત્ર લખવાની પ્રેક્ટિસ કરો. |
| ૫ | વાંચતી વખતે સતત નકારાત્મક વિચારો આવે છે | • સવારે ઊઠીને સાદી/હળવી કસરત કરો. ધ્યાન પ્રાણાયામ કરો.<br>• પોઝિટિવ મેસેજવાળી વાર્તા કે ટૂંકી વાર્તાઓ વાંચો.<br>• મનગમતી પ્રવૃત્તિ કરો. |

| | | |
|---|---|---|
| ૬ | પરીક્ષાખંડમાં જવાબ લખતી વખતે અજ્ઞાત ડર અનુભવાય છે | • પૂર્વ તૈયારી કરશો તો ડરવાની જરૂર નથી<br>• પરીક્ષા એ આખરી પડાવ નથી. શ્રેષ્ઠ કરવાનો પ્રયત્ન કરવો.<br>• પરિણામ જે મળે તે સહર્ષ સ્વીકારીને સુધારાત્મક કાર્યવાહી કરવાનું મનોબળ કેળવો. |
| ૭ | મોડી રાત સુધી ઊંઘ નથી આવતી, વહેલી સવારે વધારે ઊંઘ આવે છે, એને કારણે વાંચન પ્રક્રિયા ખોરવાઈ જાય છે. | • ઊંઘ નથી આવતી તે સમય દરમિયાન પરીક્ષાની તૈયારી કરો.<br>• વહેલાં સૂવા માટેની ટેવ પાડો અને સવારે વહેલા ઊઠીને અભ્યાસ કરો, વધુ યાદ રહેશે. |
| ૮ | પૂરતી તૈયારી હોવા છતાં પરીક્ષામાં લખી નહીં શકું, તેવું લાગે છે. | • તૈયારી છે તો પ્રશ્નપત્ર લખવાની પ્રેક્ટિસ વધુમાં- વધુ કરો.<br>• વધુમાં વધુ પ્રશ્નપત્રો લખશો તો ડર દૂર થશે. |
| ૯ | ચાલુ વર્ષે બોર્ડની પરીક્ષા જેમ-જેમ નજીક આવતી જાય છે તેમ તેમ ચિંતા અને ગભરામણ વધતી જાય છે. | • બોર્ડની પરીક્ષા એ શાળાકીય પરીક્ષા જેવી જ હોય છે તમે જે ભણ્યા છો તે જ પૂછાય છે.<br>• જેથી ચિંતા કે ગભરામણ જરાય ન રાખશો.<br>• ઉત્સાહથી પરીક્ષા આપો. |
| ૧૦ | ધોરણ-10 માં સ્ટાન્ડર્ડ ગણિત અને બેઝિક ગણિતમાં વિષય ફેરબદલ થઈ શકે? મારે સ્ટાન્ડર્ડમાં પણ  પરિણામ સારું છે પરંતુ વધુ સારા પરિણામ માટે બેઝિક ગણિત રાખી શકાય ! | • હા, બોર્ડની કચેરી ગાંધીનગરનો સંપર્ક કરીને સ્ટાન્ડર્ડ ગણિત થી બેઝિક ગણિત કે બેઝિક ગણિતથી સ્ટાર્ન્ડ ગણિતનો ફેરબદલ થઈ શકે છે.<br>• પરીક્ષા પહેલાં સુધારો કરાવી શકાય. |

| | | |
|---|---|---|
| ૧૧ | ધોરણ 10માં પ્રિલીમપરીક્ષા થઈ ગઈ અને બધી જ તૈયારી થઈ ગઈ છે, તો હવે પુનરાવર્તન કેવી રીતે કરું? | • બોર્ડની પરીક્ષાના સમયપત્રક મુજબ પ્રશ્નપત્ર લખવાની પ્રેક્ટિસ કરવી અને જવાબવહી ચકાસીને ભૂલો સુધારવી.<br>• શિક્ષકશ્રીની મદદથી મૂલ્યાંકન કરાવો અને ભૂલો સુધારો. |
| ૧૨ | એકવાર ધો-૧૨ વિજ્ઞાનપ્રવાહની પરીક્ષા આપ્યા બાદ ફરી પ્રાયોગિક પરીક્ષા આપવાની થાય તો પ્રાયોગિક જર્નલ ફરી બતાવવી પડે? | • હા, પ્રાયોગિકની જર્નલના ગુણ મૂકવાના હોઇ બતાવવી પડે. |
| ૧૩ | ધો-૧૨ વિજ્ઞાનપ્રવાહની વિદ્યાર્થીએ દરેક વિષયનો અભ્યાસ સારી રીતે પૂર્ણ કરેલ છે પરંતુ હવે એમ લાગે છે કે કંઇ પણ યાદ નથી અને ભણવાનું છોડી દેવાના વિચારો આવે છે. | • અભ્યાસના આધારે મનોબળ કેળવીને પૂર્ણ કરેલ છે તો પ્રેક્ટિસ કરો યાદ રહેશે.<br>• સવારે સામાન્ય કસરત, ધ્યાન કરો જેથી મન શાંત થશે અને યાદ કરી શકશો.<br>• Best of Twoનો Option છે જેથી મુખ્ય પરીક્ષાનું પરિણામ ધાર્યા મુજબનું ન હોય તો પૂરકમાં સુધારાત્મક પરિણામ માટે પરીક્ષા આપી શકાશે. |
| ૧૪ | બોર્ડની મુખ્ય પરીક્ષાનું ફોર્મ ભર્યા પછી અભ્યાસ કર્યો પરંતુ હવે ડ્રોપ લેવાનો વિચાર આવે છે તો શું કરવું જોઇએ? | • ડ્રોપ લેવાથી શો ફાયદો છે?<br>• Best of Twoનો Option છે જેથી મુખ્ય પરીક્ષાનું પરિણામ ધાર્યા મુજબનું ન હોય તો પૂરકમાં સુધારાત્મક પરિણામ માટે પરીક્ષા આપી શકાશે.<br>• જો બન્ને પ્રયત્નમાં સારું પરિણામ ન મળે તો Next Yearમાં પરીક્ષા આપી શકશો. |

| | | |
|---|---|---|
| ૧૫ | વિદ્યાર્થી જે હાથથી લખે છે, તે હાથમાં ફેક્ચર થયેલ છેતો બોર્ડની પરીક્ષા માટે રાઈટર મેળવવા માર્ગદર્શન આપશો. | • જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીનો સંપર્ક કરશો જરૂરી આધાર-પુરાવાઓ રજૂ કર્યેથી રાઇટર મળવાપાત્ર હશે તો મળશે. |
| ૧૬ | બોર્ડનાં પ્રશ્નપત્રની બ્લ્યૂપ્રિન્ટ ક્યાંથી મળે? | • બોર્ડની વેબસાઇટ પર ઉપલબ્ધ છે. |
| ૧૭ | બોર્ડનાંપ્રશ્નપત્રો કઈ બ્લ્યૂપ્રિન્ટ આધારિત હોય છે? | • જાહેર કરેલ બ્લ્યૂપ્રિન્ટ આધારિત હોય છે. |
| ૧૮ | ધોરણ-10 ની અમદાવાદ DEO દ્વારા બહાર પડેલ પ્રશ્નબેન્કના દાખલાના ઉત્તરો કયાંથી મળશે? | • શાળાના શિક્ષકશ્રીની કે તમારા મિત્રોની મદદથી ઉત્તરો શોધવાના રહે. |
| ૧૯ | બોર્ડની પરીક્ષામાં ઉત્તરવહીમાં ઉત્તર લખવાની આદર્શ પધ્ધતિ જણાવો, જેથી ગુણ કપાય નહિ અને સમય સચવાઈ રહે. | • પરીક્ષામાં મુદ્દાસર જવાબો લખવા.<br>• ગુણભારના આધારે જવાબો લખવા.<br>• પાઠ્યપુસ્તકમાં આપેલ વિષયવસ્તુને અનુરૂપ જવાબો લખવા.<br>• વિભાગ, પ્રશ્નનો ક્રમ જળવાઇ રહે તે રીતે ઉત્તરો લખવાનો પ્રયાસ કરો.<br>• પ્રશ્નનો ઉત્તર માંગેલ વિગતો અને ગુણભારને ધ્યાને લઇને લખવી. |
| ૨૦ | જવાબ લખવા માટે બ્લેકપેનનો ઉપયોગ થાય? અન્ડરલાઈન કરવા રંગીન પેનનો ઉપયોગ કરી શકાય? | • ખાલી વાદળી સહીવાળી પેનનો જ ઉપયોગ કરવો અન્ય કોઇ શાહીવાળી પેનનો ઉપયોગ કરવો નહિ. |